ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં સિંગતેલ સહિતના ખાદ્યતેલના ભાવોમાં વધારો

ખાદ્યેતલના ભાવવધારાથી ગૃહિણીઓના બજેટ ખોરવાયા : સિંગતેલનો ભાવ રૂ. ૨૫૨૦ અને કપાસિયા તેલનો ભાવ રૂ. ૨૫૫૦

ગાંધીનગર, તા.૫

ખાદ્યતેલમાં સતત ભાવવધારો થઈ રહ્યો છે ત્યારે સતત ભાવવધારાને કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે. જેમાં પહેલાં સીંગતેલના ભાવ વધતાં શહેરીજનો કપાસિયા તેલ તરફ વળ્યા હતા ત્યારે કપાસિયા તેલના ભાવ પણ વધતાં મધ્યમવર્ગના પરિવારોની મુશ્કેલીઓ વધી ગઈ છે. શહેરમાં મુયત્વે સીંગતેલ અને કપાસિયા તેલનો ઉપયોગ વધુ થતો હોય છે ત્યારે હાલમાં ૧ મહિનામાં સીંગતેલ અને કપાસિયા તેલ સહિતના તેલના ભાવોમાં સતત વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. સીંગતેલના ભાવ રૂ. ૨૩૫૬ આસપાસ હતો જે રૂ.૨૫૨૦ થઈ ગયો છે એ જ રીતે કપાસિયા તેલનો ભાવ રૂ.

૨૩૪૦ હતો જે વધીને રૂ. ૨૫૫૦ થઈ ગયો છે. આમ, કપાસિયા તેલ અને સીંગતેલના ભાવ એકસરખા થઈ જતાં શહેરીજનો કયું તેલ ઉપયોગમાં લેવું તેની મુંઝવણમાં મુકાઈ ગયા છે.

વર્તમાન સમયમાં રશિયા-યુક્રેન વચ્ચેની યુધ્ધની સ્થિતિને કારણે આગામી સમયમાં તેલના ભાવોમાં ઉછાળો થવાની શકયતા સેવાઈ રહી છે. ૨ વર્ષમાં તેલના ભાવોમાં ૪૦૦ થી ૫૦૦ રૂ.નો વધારો થતા શહેરીજનોના બજેટ ખોરવાઈ ગયા છે.

કોરોનાકાળમાં આર્થિક માર સહન કર્યા પછી હવે મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. પેટ્રોલ, ડીઝલ, ગેસ અને શાકભાજીના ભાવોમાં અસહ્ય વધારાનો માર શમ્યો નથી ત્યાં ખાદ્યતેલના ભાવોમાં પણ વધારો થતાં હવે ગૃહિણીઓને ઘર ચલાવવું ઘણું મુશ્કેલ બની રહ્યું છે. આગામી સમયમાં પેટ્રોલ ડિઝલના ભાવમાં પણ ઉછાળો થવાની શકયતા સેવાઈ રહી છે. આ વર્ષે બજારમાં કપાસ અને મગફળીની આવક ઓછી થવાથી પહેલાથી જ તેલના ભાવમાં વધારો થયો છે. આથી તેલનું ઉત્પાદન ઓછું થતાં ઓછો માલ બજારમાં આવે છે.

ગુજરાત 'STEM' ક્વિઝ એટલે "નવી પેઢીની નવી સફર"

'STEM' ક્વિઝમાં ૩૩ જિલ્લાઓ અને ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાંથી ૫.૪૦ લાખ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો : સાયન્સ સિટી ખાતે ગ્રાન્ડ ફિનાલેમાં જિલ્લા કક્ષાના ૪૧૦ વિજેતાઓ ભાગ લેશે : વિજેતાઓ માટે રૂ. ૧ કરોડના આકર્ષક ઈનામો

ગાંધીનગર, તા.૫

ગુજરાતના યુવા વિદ્યાર્થીઓને એક અનોખા કાર્યક્રમ દ્વારા સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિકસ એટલે કે 'STEM'ની સફર શોધવા માટે પ્રોત્સાહિત કરવા અને પ્રેરણા આપવા 'ગુજરાત સ્ટેમ ક્વિઝઃ ધ જર્ની ઓફ એ ન્યુ જનરેશન' એ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત આવેલ ગુજકોસ્ટની પહેલ છે. ગુજરાત 'STEM' ક્વિઝ-મેગા પ્રિલિમ ૬મી માર્ચ, ૨૦૨૨ના રોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાશે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ટોપર તરીકે ૧૭૬ છોકરીઓ અને ૨૩૪ છોકરાઓ સહિત ૪૧૦ વિદ્યાર્થીઓ છે. વિદ્યાર્થી ગ્રુપમાં ૨૩૪ છોકરાઓ સહિત ૪૧૦ વિદ્યાર્થીઓ છે. વિદ્યાર્થી ગ્રુપમાં ધોરણ-IX ના ૮૯ વિદ્યાર્થીઓ, ધોરણ-Xના ૧૧૮ વિદ્યાર્થીઓ, ધોરણ-XI ના ૧૧૨ વિદ્યાર્થીઓ અને ધોરણ-XII ના ૯૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમના અંતે વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવશે. ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણી મુખ્ય મહેમાન તરીકે અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ વિજય નેહરા ગેસ્ટ ઓફ ઓનર રહેશે. ગુજરાત સ્ટેમ ક્વિઝ એક એવી પ્રવૃત્તિ છે કે જેમાં શિક્ષણ, ગમ્મત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ છે. આ પ્રવૃત્તિનું માળખું ઈન્ફોર્મલ સાયન્સ લર્નિંગને ધ્યાને લઈને ઘડવામાં આવ્યું છે. જોકે આ ક્વિઝ સ્પર્ધાત્મક છે પરંતુ સાથો સાથ દરેક સ્પર્ધકમાં સ્ટેમ શિક્ષણનું નિરૂપણ પણ કરે છે.ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સ્ટેમ વિષે ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવાનું છે. આ ક્વિઝમાં ગુજરાત રાજ્યના કોઈપણ જિલ્લા, બોર્ડ, માધ્યમ અથવા ધોરણ અથવા જાતીના (સ્ત્રી / પુરુષ) વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ કવીઝના માધ્યમથી રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે. ગુજરાતના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના IX થી XII ધોરણના વિદ્યાર્થીઓએ 'STEM' ક્વિઝમાં ભાગ લીધો હતો. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સહયોગથી લગભગ ૫,૪૦,૦૦૦ વિદ્યાર્થીઓએ ગુજરાત 'STEM' ક્વિઝ પ્રોગ્રામમાં ઓનલાઈન મોડ દ્વારા ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત 'STEM' મોક ટેસ્ટ ૧૯મી ફેબ્રુઆરીથી ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ દરમિયાન હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ, ૩૩ જિલ્લાઓ અને ૮ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ટોચના ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી માટે ૨૬મી ફેબ્રુઆરીથી ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન જિલ્લા કક્ષાની ગુજરાત STEM ક્વિઝ લેવામાં આવી હતી. 'STEM' ક્વિઝને થીમેટિક રીતે ડિઝાઈન કરવામાં આવી છે, જયાં વિદ્યાર્થીઓ પ્રારંભિક કસોટીમાંથી પસાર થાય છે તે પછી ૧૬ વિદ્યાર્થીઓ (૮ ટીમો) ને હોટ સીટ પર આમંત્રિત કરવામાં આવે છે. બેંગ્લોરના પ્રો. વિનય મુદલિયાર ક્વિઝ માસ્ટર તરીકે ક્વિઝનું સંચાલન કરશે અને વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી અને ભવિષ્ય માટે ઘણા બધા નવા સંદર્ભો સાથે વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશનની સફર પર લઈ જશે.

ઓનલાઈન પેમેન્ટનો સ્ક્રિન શોટ બતાવી વેપારીઓને છેતરતા બે ઝડપાયા

રાજયના વિવિધ શહેરમાં પોલીસ અને કસ્ટમ અધિકારીની ઓળખ આપી સોનાના દાગીના, લેપટોપ, મોબાઈલ ફોન સહિતની ચીજવસ્તુઓની ખરીદી કર્યા બાદ ઓનલાઈન પેમેન્ટના સ્ક્રિન શોટ બતાવી વેપારીઓ સાથે છેતરપિંડી આચરનાર બે શખ્સોને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે સરગાસણ પાસેથી દબોચી લીધા છે. જયારે પોલીસે આરોપીઓને પકડી પાડી રૂ.૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી અંદાજીત ૧૦ થી વધુ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં ભગવતી જવેલર્સ ખાતે ગત તા.૩ ના રોજ બપોરના સમયે એક લાંબી સિલ્વર કલરની ગાડીમાં એક શખ્સ આવ્યો હતો. તેને પોતાની ઓળખ જયપાલસિંહ અને પોલીસ અધિકારી હોવાની વાત કરી હતી. ત્યારબાદ આ શખ્સે પોતાના મોટાભાઈ માટે સોનાની ચેઈન અને વીંટી લેવાની વાત કરી હતી. વેપારીએ દાગીના બતાવતા શખ્સે બે સોનાની ચેઈને અને ચાર વીટી મળી કુલ રૂ.૧.૯૭ લાખની ખરીદી કરી હતી. જયારે ઓનલાઈન પેમેન્ટની વાત કરતા વેપારીએ એકાઉન્ટ નંબર આપ્યો હતો. ત્યારબાદ થોડીવારમાં જ શખ્સે પૈસા ટ્રાન્સફર થઈ ગયા હોવાનો સ્ક્રિન શોટ વેપારીને બતાવતા દાગીના આપ્યા હતા. પરંતુ વેપારી બીજા દિવસે બેંકમાં જઈ તપાસ કરતા પૈસા જમા નહી થયા હોવાથી ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમે ટેકનીકલ સર્વેલન્સ આધારે અને બાતમીને પગલે સરગાસણ ચાર રસ્તા પાસેથી હોન્ડા સીટી કાર સાથે અનિલ સુરેશ સોની (ઉં.૨૪ પ્લોટ નં.૧૨૩,આશાપુરા કોલોની, મુદ્રા, ભુજ મુળ રહે એમપી) અને ફૈઝાન બેગ સમસાદબેગ રૂસતમબેગ મિર્ઝા (ઉં.૨૮ નાના કપાયા, મુદ્રા ભુજ મુળ યુપી)ને પકડી પાડ્યા હતા. એલસીબી પોલીસે કારમાં તપાસ કરતા સોનાની ચેઈન, સોનાની વીટીં-૪, ઈન્ડીયન કસ્ટમસ સર્વિસ લખેલા આઈકાર્ડ, ચાર મોબાઈલ ફોન, લાલ કલરના બુટ, ખાખી મોઝા, તેમજ કાર મળી કુલ રૂ.૭.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે પોલીસે આરોપીઓની કડક પુછપરછ કરતા અનિલ સોનીએ ઉકત ગુના સિવાય સેકટર-૧૧ સેમસંગ કેર અને એચપી સ્ટોર્સમાંથી ૭૫ હજારનો ફોન અને રૂ.૫૦ હજારનું લેપટોપની આ પ્રકારની એમઓથી ખરીદી કર્યાની કબુલાત કરી હતી.

સિધ્ધાર્થ લો કોલેજમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

સિધ્ધાર્થ લો કોલેજમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને ડ્રગ્સનું સેવન ન કરવાની શપથ ડૉ. સોનલ ડી. મેવાડાએ લેવડાવી હતી તથા નશીલી વસ્તુઓથી સમાજ પર તેની અસરો વિષે ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. દિલીપ એ. મેવાડા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ચિકિત્સા યોગ શિબિર દ્વારા કરાશે

ભારતીય જનતા પાર્ટી મહાનગર અને પતંજલિ યોગ સમિતિ અને માનસયોગ સેવા ટ્રસ્ટ દ્વારા યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર, પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, નહેરુ યુવા કેન્દ્ર, યુવા દિશા કેન્દ્ર અને અન્ય સહયોગી સંસ્થાઓના ઉપક્રમે સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ ગાર્ડન ખાતે તા. ૬, ૭, ૮ માર્ચ ૨૦૨૨ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ મહિલાઓ માટે વિશેષ ચિકિત્સા યોગ શિબિરનું

આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મુખ્ય સહયોગ અને શ્રી કલ્પેશભાઈ (સ્ટોર્મ ઓવરસીઝ એજયુકેશન) તરફથી ગાંધીનગરની મહિલાઓ માટે વિશેષ સુવિધાઓ પુરી પાડવામાં આવશે. મહાનગર ભાજપના પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ તથા યોગગુરુ શ્રી કાનજીભાઈ બાવરી તથા ગાંધીનગર મ્યુનિસિપલ મેયર હિતેશભાઈ મકવાણાએ આ શિબિરનો લાભ લેવા અપીલ કરી છે. કાર્યક્રમને સફળ બનાવવા પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના તમામ કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ફિટનેસ ફર્સ્ટની ટીમ દ્વારા ગ્રામભારતી ખાતે ટેકવોન્ડો પર્ફોમન્સ

ગાંધીનગર, તા.૫

મહિલા સશકિતકરણ અને મહિલા સ્વરક્ષણ અંતર્ગત ગાંધીનગરની સંસ્થા ફિટનેસ ફર્સ્ટ ગાંધીનગર દ્વારા ગ્રામભારતી ખાતે અમરાપુર શાળામાં ટેકવોન્ડોનું પર્ફોમન્સ બતાવવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી અમૃતભાઈ પટેલ, શિક્ષકગણ, વાલીઓ તેમજ અન્ય દર્શક મિત્રો પર્ફોમન્સ જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ સંસ્થા વર્ષોથી આવા અનેક પર્ફોમન્સ કરતી આવી છે. સંસ્થાના હેડ કોચ મિલન કંસારા અને માસ્ટર જતીન દવે તેમજ ટેકનિકલ હેડ અને ઈવેન્ટ કોઓર્ડિનેટર મિલાપ ટાટરિઆ ટાઈગરે શાળાનો આભાર વ્યકત કરી તમામ ફાઈટર્સને અભિનંદન પાઠવ્યા હતા.

એસ.વી. સ્કૂલમાં બાળકોએ પક્ષીઓને પાણી અને દાણા આપ્યા

ગાંધીનગર, તા.૫

એસ.વી. પ્રી-સ્કૂલમાં બર્ડ ફીડીંગ એકિટીવીટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલના શિક્ષિકાઓએ બર્ડ ફિડીંગ એકિટવીટી અંતર્ગત પક્ષીઓ માટે પાણીના કૂંડા અને જુવારના દાણાની વ્યવસ્થા કરી હતી, જેમાં તેઓએ નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકો પાસે પાણી અને જુવાર નખાવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને અબોલ પક્ષીઓ પ્રત્યે માનવીય દ્રષ્ટિકોણ અને હમદર્દી દાખવી, તેમનું જતન કરી, તેમની સંભાળ લેવાની શીખ આપી, 'THIRSTY CROW' ની વાર્તા સંભળાવી હતી તેમજ દરેક બાળક પોતાના ઘરે પણ પક્ષીઓ માટે પાણીના કૂંડા અને જુવારના દાણાની વ્યવસ્થા કરશે, તે અંગેનું વચન લીધુ હતું.

વિદ્યાપીઠ રાંધેજા દ્વારા ઉન્નત ભારત અભિયાન હેઠળ સીવણ કલાસનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર દ્વારા ભારત સરકારના ઉન્નત ભારત અભિયાન કાર્યક્રમ હેઠળ રાંધેજા અને સોનીપુરની પસંદગી કરી છે. ઉન્નત ભારત અભિયાન હેઠળ આ બંને ગામોમાં ગ્રામ ઉથ્થાન અને સરકારી સ્કીમોની વિવિધ માહિતી, લીંકેજની કામગીરી કરવામાં આવે છે તે અંતર્ગત રાંધેજા ખાતે તા. ૩ માર્ચ થી ૨૦ દિવસની સીવણ માટેની તાલીમ યોજાયેલ છે. તેમાં ગામની ૨૦ બહેનોની તાલીમ આપવામાં આવશે. આ કાર્યક્રમના શુભારંભમાં સંયોજક ડૉ. રાજીવ પટેલે તાલીમની પ્રાસ્તવીકતા આપી તાલીમાર્થીઓને કીટનું વિતરણ કર્યુ હતું. ઉર્વશીબહેન દ્વારા સીવણની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવશે. ઉન્નત ભારત અભિયાન ના કો-ઓર્ડીનેટર ડૉ. સતીષ પટેલ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

આજે પોર ગામમાં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૫

માં મેલડી આનંદ ગરબા મંડળ, સેકટર-૩ સીના મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો મોનિકાબેન ચિંતનકુમાર પટેલના ઘરે તારીખ ૬ઠ્ઠીએ બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે. જે સ્વામિનારાયણ મંદિરન સામેના ડેલામાં, પોર ગામ, પટેલ વાસમાં આ આનંદનો ગરબો રાખવામાં આવ્યો છે. સર્વે ભાવિ ભકતોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

સચિવાલય જીમખાના સે-૨૧નું ગૌરવ

ગાંધીનગર, તા.૫

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અખિલ ગુજરાત સમુદ્ર તરણ તાલીમ શિબિર તા. ૨૨ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી વેરાવળ ખાતે યોજાઈ હતી. જેમાં સચિવાલય જીમખાના તરફથી મેમણ મોહમદ તોકીફે ભાગ લઈ સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરી હતી. આ સિધ્ધિ બદલ સચિવાલય જીમખાના, સે-૨૧ના મેનેજર જીતુભાઈ, જીમખાનાના કોચ કે.જી. ભગત, રામભાઈ પરમાર અને મનિષાબેન ત્રિપાઠીએ અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ત્રિવેદી કાન્તાબેન વાસુદેવભાઈ,** ઉ.વ. ૮૬, સેકટર-૪
- **સ્વ. રાય સુનિતા બલવંતકુમાર,** ઉ.વ. ૨૧, ઉવારસદ
- **સ્વ. ગોહિલ રમેશભાઈ કરશનભાઈ,** ઉ.વ. ૬૦, અમરાપુરા, માણસા
- **સ્વ. સોનવણે માલતીબેન શકલાલભાઈ,** ઉ.વ. ૭૪, વાવોલ
- **સ્વ. વાઘેલા નગીનભાઈ પરષોત્તમભાઈ,** ઉ.વ. ૫૯, શિહોલી મોટી

જન્મદિને વધામણી



તિથિ સતીષભાઈ પ્રજાપતિ

વ્યોમ નીતિરાજ ભારદ્વાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭

વિનીત પુનમભાઈ નાયી
મો. ૯૯૨૫૭ ૮૭૬૦૬

પ્રિયાંશી પરમાર
મો. ૯૬૮૭૩ ૧૪૪૦૯

કિશ્ના

ભાવનાબેન પંચાલ

આજે સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ના બગીચામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૫

સંસ્કાર ગ્રુપ દ્વારા રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જ્ઞાન કસોટીની કવીઝ, વર્તમાનપત્રો દ્વારા સમાચાર વાંચન, નગરના જાણીતા કવિ વનવિહારી નટવરભાઈ હેડાઉ જેઓએ કવિતા ગીતો અને પ્રકૃતિના લેખોનું સર્જન કર્યું હતું તેઓને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.જે સેકટર-૭ બગીચો, સુવિધા કચેરી પાસે, ગાંધીનગર ખાતે યોજાશે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ૮મી માર્ચે મહિલા દિવસની ઉજવણી કરાશે

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા કોરોના મહામારીમાં ગાંધીનગર જિલ્લાના બ્રહ્મસમાજની જે બહેન-દિકરીઓએ કોરોના મહામારીમાં પોતાના જીવના જોખમે કોરોના વોરિયર તરીકે ફરજ બજાવી હતી તેવી બહેન દિકરીઓના સન્માનનો કાર્યક્રમ ૧૬ માર્ચે રાખવામાં આવ્યો છે. જે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સે-૧૬ ગાંધીનગર ખાતે બપોરે ૨થી ૫ કલાકે યોજાશે. કોરોના વોરિયર બહેનોએ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલા સર્ટીફીકેટ સાથે હાજર રહેવા માટે ૮મી સુધીમાં મો. ૯૪૦૮૦૫૭૯૬૮, ૯૪૨૬૩૫૬૦૧૭, ૯૪૨૭૬૨૨૧૪૯ પર નામ નોંધાવવાનું રહેશે.